અપીલ અરજી નં.૫૯ તા.૫–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અમરનાથ ત્રિપાઠી–સંપાદક– પિંગલ–દ્રુષ્ટી

સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠી–સંપાદક– પિંગલ–દ્રુષ્ટીની તા.૮–૪–૦૯ ની અરજીથી પ્લોટ નં.૨૩૮ ૨૩૯ લો–કાસ્ટ કોલોની ઉમરવાડા ડી–૨ ટેનામેન્ટ પાસે બાંધકામની પરવાનગીની નકલ અને બાંધકામ કયા આધાર ઉપર કરેલ છે તેની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૬–'૦૯ ની અપીલ અરજી નં.૫૯/૨૦૦૯–૧૦

શ્રી અમરનાથ ત્રિપાઠી–સંપાદક– પિંગલ–દ્રુષ્ટીની તા.૮–૪–૦૯ ની અરજીથી પ્લોટ નં.૨૩૮ ૨૩૯ લો–કાસ્ટ કોલોની ઉમરવાડા ડી–૨ ટેનામેન્ટ પાસે બાંધકામની પરવાનગીની નકલ અને બાંધકામ કયા આધાર ઉપર કરેલ છે તેની વિગતની માહિતી આપવા બાબતે અરજદારે માંગ્યા મુજબની માહિતી ખોટી આપેલ હોવાથી અને સમયસર આપેલ ન હોવાની રજૂઆત કરી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬૩ તા.૧૨–૬–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા માહિતી ખોટી આપેલ હોવાના દાવાના સમર્થનમાં આધાર અને પુરાવા અને વાજબીપણું રજૂ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૯૧૩ તા.૨૩–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં કોઈ વિગતો પૂરી પડાયેલ નથી.

અરજદારની તા.૮–૪–૦૯ ની અરજીથી પ્લોટ નં.૨૩૮ ૨૩૯ લો–કાસ્ટ કોલોની ઉમરવાડા ડી–૨ ટેનામેન્ટ પાસે બાંધકામની પરવાનગીની નકલ અને બાંધકામ કયા આધાર ઉપર કરેલ છે તેની વિગતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૬ તા.૨૦–૫–૦૯ ના રોજ ટીપી સ્કીમ નં.૭ આંજણા ફા.પ્લોટ નં.૪૫ પૈકી સબ પ્લોટ નં.૨૩૮ ૨૩૯ વાળી મિલ્કતમાં હાલમાં થતાં બાંધકામની લીંબાયતઝોન ખાતેથી પરવાનગી આપવામાં આવેલ નથી. અત્રેથી કરવામાં આવેલ સ્થળ તપાસ દરમ્યાન સંલગ્ન બાંધકામ અટકાવી મિલ્કતના મટીરીયલ સ્ટીલ(સળીયા) જપ્ત કરવામાં આવેલ છે તેવું જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જણાવેલ છે.અરજદારે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી સમયસર આપેલ નથી જે વિગત ખોટી આપેલ છે તેવી રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે. પરંતુ જયારે જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તર પાઠવેલ છે કે સદર સ્થળે બાંધકામની પરવાનગી આપવામાં આવેલ નથી તેથી બાંધકામ અટકાવવામાં આવેલ છે. તે સંજોગોમાં પરવાનગીની નકલ દફતરે ઉપલબ્ધ ન હોય તેથી કલમ–૨(એફ) અને ૨(જે ) હેઠળ તેની નકલ આપવાનો પ્રશ્ન પણ અસ્થાને છે. અરજદારને પ્રત્યુત્તર મળ્યા બાદ અપીલ તબકકે પણ તે સિવાય ખોટી માહિતી અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી. તથા પૂરક વિગતોમાં અન્ય કોઈ વિવાદ ઉપસ્થિત કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૭ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**<br>
**અને એપેલેટ ઓફિસર**<br>
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી–સંપાદક– પિંગલ–દ્રુષ્ટી